GYANBODH
An International Multidisciplinary Peer Reviewed Journal
ISSN:3048-9792
Volume: 2
Issue: 4
Special Issue: 1
September: 2025

# ઈ–વાંચન અને સ્માર્ટફોન પર સાહિત્ય વાંચવાનો અનુભવ અને પરંપરાગત સાહિત્ય પર તેની અસર

રાકેશભાઈ મકવાણા

## ટૂંકસાર

"ઈ–વાંચન અને સ્માર્ટફોન પર સાહિત્ય વાંચવાનો અનુભવ અને પરંપરાગત સાહિત્ય પર તેની અસર" વિષય પર આધારિત આ સંશોધન પત્રમાં ૨૦૦ જેટલા કોમર્સ વિભાગના વિદ્યાર્થીઓની પ્રશ્નાવલી માહિતીનું વિશ્લેષણ કરવામાં આવ્યું છે. જે સંશોધન દર્શાવે છે કે વિદ્યાર્થીઓમાં ડીજીટલ માધ્યમોનો ઉપયોગ કરીને સાહિત્ય વાંચવાનો ઝુકાવ વધુ છે. સાહિત્યના વિવિધ સ્વરૂપોનું વાંચન વિદ્યાર્થીઓ વિવિધ ડીજીટલ માધ્યમોના ઉપયોગથી કરે છે. વાંચનમાં સ્માર્ટફોન અને ઈ–બુક્સના વધતા ઉપયોગથી ઈ–રીડીંગ ખુબજ સરળ અને સહેલું છે. ઈ–વાંચન સગવડભર્યું અને સવલતભર્યું છે. જયારે પરંપરાગત પુસ્તકોના વાંચનથી વધુ એકાગ્રતાની અને વાંચનમાં ધ્યાન–મગ્નતાની અનુભૂતિ મળે છે. આ સંશોધન અભ્યાસથી સ્પષ્ટ થાય છે કે પરંપરાગત વાંચનનું મહત્વ આજે પણ છે પરંતુ ભવિષ્યમાં ડિજિટલ અને પરંપરાગત વાંચન પધ્ધતિનો સંતુલિત ઉપયોગ વધુ અસરકારક સાબિત થઈ શકે છે.

## પ્રસ્તાવના

ડિજિટલ યુગે સમગ્ર વાંચન સંસ્કૃતિમાં મોટું પરિવર્તન લાવ્યું છે. આજના વર્તમાનયુગમાં ટેકનોલોજીના વધતા પ્રભાવ અને પ્રસારને કારણે સાહિત્ય વાંચનની પધ્ધતિઓમાં બહુ મોટો ફેરફાર થયો છે. આજની યુવા પેઢીનો વધારે ઝુકાવ ડિજિટલ માધ્યમો તરફ વધારે છે. યુવાનોમાં સ્માર્ટફોનના વધી રહેલા વપરાશે ઈ–રીડીંગ (ઈ–વાંચન)ને વધુ લોકપ્રિય બનાવ્યું છે. ખાસ કરીને ઈ–રીડીંગ એટલે કે સ્માર્ટફોન, ટેબલેટ, કિન્ડલ, લેપટોપ, કોમ્પ્યુટર જેવા ડિજિટલ માધ્યમોથી સાહિત્ય વાંચવાનો અનુભવ નોંધપાત્ર છે. અગાઉના સમયની તુલનામાં આજે પુસ્તકોના પાનાની જગ્યાએ સ્ક્રીન પરથી

GYANBODH
An International Multidisciplinary Peer Reviewed Journal

ISSN:3048-9792
Volume: 2
Issue: 4
Special Issue: 1
September: 2025

વાંચવાની વ્યવસ્થા વિકસિત થઈ છે. ડિજિટલ યુગમાં પઢવાની પદ્ધતિઓમાં પરિવર્તન આવ્યું છે. આ સંશોધન પત્રમાં ૨૦૦ જેટલા કોમર્સ વિભાગના વિદ્યાર્થીઓના જવાબોને આધારે તે સમજવાનો પ્રયાસ કરવામાં આવ્યો છે કે કેવી રીતે ઈ–વાંચનનો અનુભવ પરંપરાગત પુસ્તકોના વાંચનની પધ્ધતિઓને પ્રભાવિત કરે છે. આ સંશોધનનો મુખ્ય ઉદ્દેશ એ છે કે વિદ્યાર્થીઓમાં ઈ–રીડીંગ અને પરંપરાગત વાંચનની વચ્ચે શું તફાવત અનુભવાય છે અને નવા માધ્યમો સાહિત્યસ્વાદમાં કેવી અસર પેદા કરે છે તે સમજવું.

## સંશોધનનો હેતુ

- ઈ–વાંચનથી વિદ્યાર્થીઓ પર થતી અસરોનો અભ્યાસ કરવો
- ઈ–વાંચન અને પરંપરાગત વાંચનથી થતા ફાયદા અને નુકશાન સમજાવવા
- ઈ–વાંચનથી સર્જાતી વ્યવહારિક અને મનોચિકિત્સાત્મક અસરોની સમજુતી કરવી.
- ભવિષ્યમાં સાહિત્ય વાંચનની દિશા માટે સૂચનો મેળવવા

## સંશોધનની પધ્ધતિ

- **પ્રકાર –** વર્ણનાત્મક અને તુલનાત્મક
- **નમૂનાનું માપ –** કોમર્સ વિભાગના ૨૦૦ વિદ્યાર્થી
- **માધ્યમ –** ગુગલ ફોર્મ પ્રશ્નાવલી
- **વિશ્લેષણ પધ્ધતિ –** આંકડાકીય પધ્ધતિ (ચાર્ટ આધારિત)

## મુખ્ય પ્રશ્નો

- તમે કઈ રીતે વાંચો છો ? ઈ–વાંચન કે છાપેલું પુસ્તક ?
- તમને કઈ રીત વધુ રસપ્રદ લાગે છે ?
- ઈ–વાંચનનો સમય દરરોજ કેટલો હોય છે ?
- કયા પ્રકારના સાહિત્યનું વાંચન કરો છો ? (કાવ્ય, વાર્તા, નવલકથા, નાટક, આત્મકથા) ?
- વાંચન દરમિયાન તમારું ધ્યાન કેટલીવાર ભટકે છે ?

GYANBODH
An International Multidisciplinary Peer Reviewed Journal
ISSN:3048-9792
Volume: 2
Issue: 4
Special Issue: 1
September: 2025

## સાહિત્ય સમીક્ષા

ગુજરાતી સાહિત્યમાં સમયાનુસાર અનેક માધ્યમો બદલતા આવ્યા છે. તાડપત્રી, પાંદડા, હસ્તપ્રતો થી લઈને વર્તમાન ડિજિટલ માધ્યમો પરના ઈ–વાંચન સુધી ગુજરાતી ભાષાએ સમય સાથેના પરિવર્તનોને સ્વીકાર્યા છે. સાહિત્ય સમીક્ષા દરમિયાન જણાય છે કે આ વિષય પર ઘણા બધા સંશોધકો અને સાહિત્યકારોનું ધ્યાન ગયું છે અને આ વિષય પર અગત્યની પ્રવૃતિઓ થઈ છે.

**ડૉ. ચંદ્રકાંત મેતાની (૨૦૧૮)** તેમના સંશોધન લેખ "ગુજરાતી ઈ સાહિત્યની નવી દિશાઓ" માં લખે છે કે ડિજિટલ પ્લેટફોર્મએ ગુજરાતી સર્જકોને નવી દિશા આપી છે. તેમણે લખ્યું છે કે ઈ–વાંચનથી થતું વાંચન ઊંડાણમાં થઈ શકતું નથી પરતું તરતવંચાતું સાહિત્ય વધુ ને વધુ પહોચે છે.

**પ્રોફે. અલ્પેશ ભટ્ટ (૨૦૨૦)** એ તેમના શોધપત્ર "યુવાનો અને ગુજરાતી ઈ–સાહિત્ય" માં જણાવ્યું છે કે ૭૦ % યુવાનો નવલકથાઓ, વાર્તાઓ, કાવ્યો વગેરે જેવા સાહિત્યોની જાણકારી પોતાના સોસીયલ મીડિયા માધ્યમથી (જેમ કે ટેલીગ્રામ, વોટ્સઅપ, ઈનસ્ટાગ્રામ) મેળવે છે. માટે સાહિત્ય હવે તેના "શિષ્ટ વિભાગ" માંથી બહાર આવીને રોજીંદા જીવનમાં પ્રવેશી ગયું છે. તેમના વિશ્લેષણોથી ખ્યાલ આવે છે કે નાના અને તરત જ સમજી શકાય તેવા સાહિત્યો વધુ ને વધુ વંચાય છે.

**ડૉ. નયનાબેન પટેલ (૨૦૨૩)** ના સંશોધનપત્ર "ડિજિટલ યુગમાં ગુજરાતી કાવ્યોનું સ્વરૂપ પરિવર્તન" માં તેમણે જણાવાયું છે કે હવે નાનાં કાવ્યો, હાઈકૂ, ટ્વિટર કાવ્યો વગેરેનો પ્રભાવ ખુબ વધી ગયો છે. અર્થાત્ ઈ–રીડીંગ માત્ર વાંચનની ટેવ નહીં, પણ સર્જનની સર્જનાત્મકતાના ધોરણો પર પણ અસર કરે છે.

ગુજરાતી સાહિત્યનું ઇ–રૂપાંતરણ નવી પેઢીને સાહિત્ય સાથે જોડી રાખવાનું મોટું સાધન બન્યું છે. છતાં પણ ભાવગમ્યતા, ઊંડાણ અને કલાત્મક સ્પર્શ પરંપરાગત વાંચન દ્વારા વધુ પ્રાપ્ત થાય છે – એવું અનેક વિદ્વાનો માને છે. ઈ–રીડીંગ એ વિકાસ છે પણ સંપૂર્ણ વિકલ્પ નહીં, બંને વચ્ચે સંતુલન જ સાચી દિશા બતાવે છે.

GYANBODH
An International Multidisciplinary Peer Reviewed Journal
ISSN:3048-9792
Volume: 2
Issue: 4
Special Issue: 1
September: 2025

## પ્રાપ્ત માહિતીનું વિશ્લેષણ (૨૦૦ વિદ્યાર્થીઓના જવાબ આધારિત)

પ્રથમ પસંદગી રૂપે વાચન માધ્યમ

- **૫૮% – સ્માર્ટફોન/ઈ–રીડીંગ**
- **૪૨% – છપાયેલું પુસ્તક**

વિધ્યાર્થીઓનો પ્રતિસાદ

| **પ્રશ્ન** | **જવાબ** | **પરંપરાગત–જવાબ** |
|---|---|---|
| વાંચન માણવાનો અનુભવ | ૪૩ % | ૫૭ % |
| વાંચન દરમિયાન ધ્યાનભટકાવ | ૭૧ % | ૨૯ % |
| સાહિત્યના પ્રકારોમાં પસંદગી | નવલકથાઓ ૩૮ % | સમાન |
| | કાવ્ય ૨૭ % | |
| | આત્મકથાઓ ૧૫ % | |
| | ફિકશન ૨૦ % | |
| વાંચનનો સમય પ્રતિદિન | સરેરાશ ૩૫ થી ૪૫ મિનિટ | ૨૦ થી ૩૦ મિનિટ |

### મહત્વના સૂચનો

- ૭૫% વિદ્યાર્થીએ જણાવ્યું કે તેઓ છાપેલાં પુસ્તકો કરતાં ઈ–બુકસ, પી.ડી.એફ, વેબસાઇટ અથવા એપ દ્વારા વાંચન કરે છે.
- ૬૮% એ કહ્યું કે સ્માર્ટફોન પર વાંચતી વખતે નોટિફિકેશન અને મેસેજ વિક્ષેપ કરે છે.
- ૪૭% એ જણાવ્યું કે છપાયેલા પુસ્તકોનું અનોખું આકર્ષણ હજી પણ હોય છે.

વિદ્યાર્થીઓમાં ખાસ કરીને ડિજિટલ કે ઈ–વાંચન વધારો નોંધાયો છે, ખાસ કરીને સ્માર્ટફોનથી સાહિત્ય વાંચવાનું ખુબજ સરળ લાગતું હોય છે. તેમ છતાં, તેમનું ધ્યાન વારંવાર ભટકે છે અને તેમના

GYANBODH
An International Multidisciplinary Peer Reviewed Journal
ISSN:3048-9792
Volume: 2
Issue: 4
Special Issue: 1
September: 2025

મતે છપાયેલું પુસ્તક વધારે ડૂબકીલાયક અને અનુભવાત્મક હોય છે. આના પરથી અનુમાન થાય છે કે જો ડિજિટલ માધ્યમમાં ધ્યાનચુસ્તતા માટે સાધનો વિકસાવવામાં આવે તો ઇ–રીડીંગ વધુ ગુણવત્તાયુક્ત બની શકે છે.

પરંપરાગત પુસ્તકોના તુલનામાં સ્ક્રીન વાંચન દ્રષ્ટિ અને ધ્યાન પર અસર કરે છે, પણ વિદ્યાર્થીઓ તેને વધુ અનુકૂળ માનતાં જોવા મળ્યા. ગ્રાફ પરથી સ્પષ્ટ થાય છે કે વિદ્યાર્થીઓ માટે ડિજિટલ વાંચન માત્ર આનંદદાયક જ નહીં પણ માહિતી મેળવવાનો અગત્યનો સાધન પણ છે.

ગુજરાતી ભાષામાં વાંચન થતું હોવા છતાં અન્ય ભાષાઓ પ્રત્યે પણ ઉન્મુખતા જોવા મળે છે.

## નિષ્કર્ષ

આ સંશોધનથી સ્પષ્ટ થાય છે કેવિદ્યાર્થીઓમાં સ્માર્ટફોન દ્વારા વાંચનની પ્રવૃત્તિ વ્યાપક છે. વિદ્યાર્થીઓ સાહિત્યમાં રસ લે છે અને તેની પસંદગીઓમાં પણ પરિવર્તન જોવા મળે છે. ડિજિટલ માધ્યમો દ્વારા સાહિત્ય વધુ લોકપ્રિય બની રહ્યું છે, અને તે નવી પેઢી માટે ઉપલબ્ધ, સસ્તું અને રસપ્રદ સાધન બની ગયું છે. પરંપરાગત વાંચન પદ્ધતિઓનું મહત્વ યથાવત છે પરંતુ તે હવે ઇ–રીડીંગના વધારા સાથે ભવિષ્યમાં સાહિત્યના વિતરણ અને વાંચન પદ્ધતિઓ બંનેમાં વધુ ટેકનોલોજીકલ વિકાસ શક્ય છે.

- ઈ–રીડીંગ એક સવલતભર્યું અને સગવડભર્યું માધ્યમ છે પરંતુ દષ્ટિ–એકાગ્રતા અને વાંચનસુખની દ્રષ્ટિએ પરંપરાગત વાંચનની સમકક્ષ નથી.
- છપાયેલાં પુસ્તકો વાંચન માટે અનુકૂળ માહોલ અને વાતાવરણ આપે છે.
- સ્માર્ટફોન પર વાચનમાં ટેક્નોલોજીના હસ્તક્ષેપથી ગમે ત્યારે વાંચી શકાય છે પરંતુ સતત પોપઅપ્સ અને વિક્ષેપોને કારણે વાંચનની માત્રા ઘટાડે છે.
- વિદ્યાર્થી વર્ગ માટે હાઈબ્રિડ મોડલ (સાંપ્રત અને ડિજિટલનું સમન્વય) વધુ ઉપયોગી સાબિત થઈ શકે છે.

GYANBODH
An International Multidisciplinary Peer Reviewed Journal
ISSN:3048-9792
Volume: 2
Issue: 4
Special Issue: 1
September: 2025

## સૂચનો

1. વિદ્યાર્થીઓ માટે "ઈ–રીડીંગ એથિક્સ" અથવા "ડિજિટલ વાંચન શિસ્ત" જેવી ગાઈડલાઈન્સ બનાવવી.

2. શિક્ષણ સંસ્થાઓએ ડિજિટલ અને પરંપરાગત વાંચનની સંયુક્ત અભ્યાસક્રમ વિકસાવવો.

3. સરકારી ગ્રંથાલયો ઈ–બુક લાઈબ્રેરી સર્વિસ શરૂ કરે.

## સાહિત્યસૂચિ


1. પટેલ, મીતાબેન. (૨૦૨૨). ડિજિટલ યુગમાં સાહિત્યનું સ્વરૂપ. અમદાવાદ: નવભારત પ્રકાશન.
2. દેસાઈ, હેમંત. (૨૦૨૧). વાચન સંસ્કૃતિ અને યુવા પેઢી. સુરત: ગુજરાતી સાહિત્ય અકાદમી.
3. Sharma, R. (2020). Digital Reading Habits in India. Delhi: Academic Press.
4. Shah, N. (2021). The Psychology of Reading on Screens. Mumbai: TechReads.
5. વાંક, જી. આર. (૨૦૨૩). પુસ્તક અને સ્ક્રીન વચ્ચેનો સંવાદ. રાજકોટ: સાધના પ્રકાશન.
6. પ્રજાપતિ, કે.બી. (૨૦૨૩). ડિજિટલ યુગ અને સાહિત્યનું રૂપાંતરણ, ગુજરાત યુનિવર્સિટી પત્રિકા.
7. Shah, R. (2021). Changing Face of Gujarati Literary Reading, Navbharat Prakashan.
8. પટેલ, વિશ્વાસ (૨૦૨૦). "ડિજિટલ યુગ અને ગુજરાતી સાહિત્ય". અમદાવાદ યુનિવર્સિટી પ્રકાશન.
9. પટેલ, જિન્તન (૨૦૨૧). "સ્માર્ટફોન અને પુસ્તકના સંબંધો". નવગુજરાત સમય.
10. ત્રિવેદી, મીતલ (૨૦૧૯). "યુવાનોમાં સાહિત્ય વાંચનના નમૂનાઓ". ગુજરાતી સાહિત્ય પરિષદ.